RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઇડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૨    ગુરૂવાર તા.૧૬-૦૭-૨૦૨૬    અંક : ૨૧૫ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

**નિજ મંદિરેથી ભગવાન જગન્નાથજી, મોટાભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી સાથે કાષ્ટના રથમાં બિરાજમાન થઇ ભક્તોને દર્શન આપવા નીકળ્યા**

# ભાવેણામાં ભગવાન ભક્તોના દ્વારે

## ભાવ, ભક્તિ અને ભવ્યતાનો ત્રિવેણી સંગમ : કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી અને સંતો મહંતોના હસ્તે પહિંદ વિધિ, મહાનુભાવો, અધિકારીઓ દ્વારા સોનાના સાવરણાથી છેડાપોરા વિધિ કરાઈ : મોરારીબાપુ અને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ કર્યા દર્શન










ભાવનગર,તા.૧૬

સમગ્ર ગોહિલવાડમાં આજે અષાઢી દૂજના પવિત્ર પર્વે ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ‘‘જય જય જગન્નાથ’’ અને ‘‘હાથી, ઘોડા, પાલકી, ‘જય કનૈયા લાલ કી’’’ના ગગનભેદી ભક્તિનાદ સાથે ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજી સાથે નગરજનોને દર્શન આપવા ૧૮ કિલોમીટરની પરંપરાગત નગરચર્યાએ નીકળ્યા છે. સુભાષનગર ખાતે આવેલા નિજ મંદિરેથી ભગવાનની રથયાત્રા પ્રસ્થાન થતાં જ ભાવિક ભક્તોમાં અનોખો ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

ગુજરાત રાજયની બીજા નંબરની સૌથી મોટી ગણાતી ભાવનગરની આ ૪૧મી રથયાત્રાનો પ્રારંભ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે થયો હતો. સુભાષનગર ભગવાનના મંદિર સામે રથની પૂજા-અર્ચન કર્યા બાદ પહિંદ વિધિ યોજાઈ હતી. કેબિનેટ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉપસ્થિત સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ અવસરે કેન્દ્રીય રાજય મંત્રી અને ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણીયા તેમજ સુપ્રસિદ્ધ રામકથાકાર પૂજ્ય મોરારી બાપુએ ભગવાન જગન્નાથજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી અને લોક કલ્યાણ તેમજ વિશ્વ શાંતિ માટે પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરી હતી.રથયાત્રાના પ્રારંભે દેશની રક્ષા કરનારા માજી સૈનિકોએ ભગવાનને ગરિમાપૂર્ણ સલામી આપી હતી. પરંપરાગત રીતે આ વર્ષે પણ ભોઈ સમાજના ઉત્સાહી યુવાનો દ્વારા દોરડા વડે ભગવાનના યાંત્રિક રથને ખેંચવામાં આવી રહ્યો છે. રથયાત્રા નિજ મંદિરેથી પ્રસ્થાન થયા બાદ મહિલા કોલેજ સર્કલથી વિવિધ આકર્ષક ફ્લોટ્સ આ યાત્રામાં જોડાયા હતા. સમગ્ર રૂટ પર ચોક્કસ થીમ આધારિત ફ્લોટ્સના ટ્રકો ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.રથયાત્રા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે ભાવનગર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ વખતે આધુનિક અને હાઈટેક સાધનો-ઉપકરણોનો ઉપયોગ કરીને સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવામાં આવી રહી છે. રથયાત્રાની સુરક્ષા અને વ્યવસ્થામાં ફોરેસ્ટ, આરોગ્ય તેમજ ફાયર બ્રિગેડનો સ્ટાફ, પી.જી.વી.સી.એલ., ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ, બ્લેક કમાન્ડો, ઘોડેસવાર પોલીસ, તેમજ બી.એસ.એફ. (BSF) અને સી.આર.પી.એફ. (CRPF) ના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ રથયાત્રા પોતાના નિર્ધારિત રૂટો પર ફરીને મોડી રાત્રે નિજ મંદિર પરત ફરશે.

આ મંગલકારી શુભારંભ પ્રસંગે ભાવનગરના મેયર ઉષાબેન તલરેજા, જિલ્લા પંચાયતના પ્રમુખ અશોકભાઈ લાધવા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા, ભાજપ શહેર પ્રમુખ કુમાર શાહ અને જિલ્લા પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્રમાંથી પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર અસારી, મહાનગરપાલિકા કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીના, જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ, જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડે, એમ.કે.બી. યુનિવર્સિટીના કુલપતિ તેમજ વરિષ્ઠ અધિકારીઓ અને કોર્પોરેટરોએ હાજર રહી દર્શનનો લાભ લીધો હતો.

## કેબિનેટ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ તંત્રને આપ્યા અભિનંદન

ભાવનગરમાં અષાઢી બીજના પાવન પર્વે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા અત્યંત હર્ષોલ્લાસ અને રંગેચંગે નીકળી હતી. દેશમાં ત્રીજા અને ગુજરાતમાં બીજા ક્રમની આ સૌથી મોટી રથયાત્રાને પગલે સમગ્ર ભાવેણુ ભક્તિરસમાં તરબોળ બન્યું હતું. આ પાવન પ્રસંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભગવાન પોતે નગરજનોના ક્ષેમકુશળ પૂછવા સામેથી લોકો વચ્ચે જાય છે. ભાવનગરમાં છેલ્લા ૪૦ વર્ષથી આ રથયાત્રા યોજવાની વર્ષો જૂની પરંપરા છે. રથયાત્રાના સ્વાગત માટે આખા શહેરને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું અને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. મંત્રીએ આ ભવ્ય રથયાત્રાને સફળ બનાવવા બદલ પોલીસ તંત્ર અને જિલ્લા વહીવટી તંત્રની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા.








## ભાવનગરની ૪૧મી રથયાત્રાના સાક્ષી બનવું એ મારું સદભાગ્યઃ મોરારીબાપુ





ભાવનગર,તા.૧૬

સૌરાષ્ટ્રના સાંસ્કૃતિક પાટનગર સમાન ભાવનગરમાં યોજાયેલી ભગવાન જગન્નાથજીની ૪૧મી ભવ્ય રથયાત્રા પ્રસંગે સુપ્રસિદ્ધ રામકથાકાર પૂજય મોરારી બાપુએ ખાસ ઉપસ્થિત રહીને પ્રભુના ચરણોમાં વંદન કર્યા હતા. આ પાવન અવસરે ભાવનગરમાં યોજાતી રથયાત્રાને સમગ્ર સૌરાષ્ટ્રનું એક પવિત્ર પર્વ ગણાવતા પૂજ્ય બાપુએ ભાવભીનું વક્તવ્ય આપ્યું હતું.

પૂજ્ય બાપુએ જણાવ્યું હતું કે, ‘‘ભાવનગરમાં યોજાતી આ ૪૧મી રથયાત્રા એ ભગવાનની પરમ કૃપા છે. આપણે સૌ જાણીએ છીએ કે દેશમાં પ્રથમ પ્રકારની રથયાત્રા જગન્નાથ પુરીમાં ઉજવાય છે, જ્યારે આપણા ગુજરાતમાં અમદાવાદ ખાતે ભવ્ય રથયાત્રા નીકળે છે. પરંતુ આપણા સૌરાષ્ટ્રમાં જ્યાં સુધી હું સમજી શકું છું ત્યાં સુધી, ભાવનગરની અંદર આ રથયાત્રાનો પવિત્ર પર્વ ઉજવાય છે, જે આપણા બધા માટે ખૂબ જ સદભાગ્ય અને ભગવદ કૃપાની વાત છે. આ પવિત્ર પર્વના સાક્ષી બનવાનો મને લાભ મળ્યો છે, તે બદલ હું મારી જાતને ધન્ય સમજું છું.’’

આ પ્રસંગે મોરારી બાપુએ રથમાં બિરાજમાન ત્રણેય દિવ્ય સ્વરૂપોના આધ્યાત્મિક મહત્વ પર પ્રકાશ પાડતા તેનો ગૂઢ સંદેશ સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ભગવાન બલભદ્રજીનો સંદેશ છે કે આખા જગતનું બલ એટલે કે શક્તિ એ ભદ્રતા અને કલ્યાણ તરફ ગતિ કરે. જ્યારે માતા સુભદ્રાજીનો સંદેશ છે કે આખા જગતનું દર્શન કલ્યાણકારી બને એટલે કે ’સુ-ભદ્ર’ (ખૂબ મંગલકારી) બને. અંતમાં તેમણે ઉમેર્યું કે, આખા જગતનું કલ્યાણ થાય અને સમગ્ર વિશ્વનું ભદ્ર થાય, તે જ પ્રભુ જગન્નાથજીનો સાચો અને પરમ સંદેશ છે.




# ભગવાન શ્રી જગન્નાથજી રથયાત્રાની તસવીરી ઝલક




દુર્ગાવાહિની


સ્કેટિંગ


અખાડાના દાવ-પેચ






કલાત્મક રંગોળી















## આકર્ષક ફ્લોટ


















શહેરના સુભાષનગર નિજમંદીરેથી નીકળેલી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા વિવિધ વિસ્તારોમાં ફરીને સાંજે શહેરના હાર્દસમા ઘોઘાગેટ ચોકમાં પહોંચશે ત્યાંથી એમજી રોડ થઈને મામાકોઠા રોડ, બાર્ટન લાઈબ્રેરી થઈને હલુરીયાચોકથી ક્રેસન્ટ થઇ રાત્રે પરત નિજમંદિર સુભાષનગર પહોંચશે.ઘોઘાગેટ ચોકથી લઈને હલુરીયાચોક સુધી રેન્જ આઈજી અને એસપી સહીત હજારો પોલીસ જવાનો બંદોબસ્તમાં જોડાશે. આ ઉપરાંત સેન્સેટિવ ઝોન ગણાતા આ વિસ્તારમાં લશકરી જવાનો ધાબા પોઈન્ટ તેમજ વોચ ટાવર પરથી પણ દેખ રેખ રાખી બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ રુટ ઉપર વિવિધ રાજકીય આગેવાનો, વેપારી મંડળો, સામાજિક આગેવાનો સહીત દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવશે.

# જ્ઞાનગુરુ વિદ્યાપીઠમાં અષાઢી બીજની ભક્તિમય ઉજવણી

## મેનેજિંગ ડિરેક્ટર મનહર રાઠોડે વિદ્યાર્થીઓને આપણા તહેવારો પાછળ રહેલો ઈતિહાસ તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનો પરિચય કરાવ્યો

ભાવનગર,તા.૧૬

જ્ઞાનગુરુ વિદ્યાપીઠમાં અષાઢી બીજના પાવન અવસરે ભક્તિ, સંસ્કૃતિ અને ભારતીય પરંપરાના રંગોથી ભરપૂર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આપણા તહેવારોનું મહત્વ, તેમની પાછળ રહેલો ઈતિહાસ તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનો પરિચય કરાવવાનો હતો.

કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ડિરેક્ટર મનહર રાઠોડ અને મિત્તલબેન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભગવાન શ્રી જગન્નાથજીને દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી,







સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયેલ.

આ પ્રસંગે મનહરભાઈએ અષાઢી બીજના પર્વનું આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ સમજાવતું પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે આપણા તહેવારો માત્ર ઉજવણી માટે નથી, પરંતુ જીવનમાં સંસ્કાર, એકતા, ભક્તિ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસાવવા માટેનું ઉત્તમ માધ્યમ છે.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ અષાઢી બીજ અને ભગવાન શ્રી જગન્નાથજીના જીવનપ્રસંગોને આધારીત સુંદર વાર્તાઓ રજૂ કરી હતી. ઉપરાંત, ભક્તિમય નૃત્યો, મધુર ભજનો અને સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા સૌનું મન મોહી લીધું હતું. વિદ્યાર્થીઓની આત્મવિશ્વાસપૂર્ણ રજૂઆતોને ઉપસ્થિત સૌએ હર્ષભેર વધાવી લીધી હતી. કાર્યક્રમના અંતે સૌએ મળીને ભગવાન શ્રી જગન્નાથજીની આરતી કરી અને સમગ્ર વાતાવરણ ભક્તિરસથી છલકાઈ ઉઠ્યું. આરતી બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. જ્ઞાનગુરુ વિદ્યાપીઠ દ્વારા આયોજિત આ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર, પોતાના તહેવારો પ્રત્યે ગૌરવની ભાવના તથા ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને સમજવાની પ્રેરણા આપતો સાબિત થયો. આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં માત્ર શૈક્ષણિક જ નહીં, પરંતુ નૈતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું પણ સુંદર સિંચન થાય છે.

# ગોહિલવાડના ગૌરવ અને કલ્પસરના કર્મયોગી વિનુભાઈ ગાંધીનો યોજાશે સન્માન સમારોહ

## કેન્દ્રીય જળ સંસાધન પ્રધાન ચંદ્રકાંત પાટીલના અધ્યક્ષસ્થાને સણોસરા લોકભારતી ખાતે શુક્રવારે ગરિમાપૂર્ણ કાર્યક્રમ

ભાવનગર,તા.૧૬

વૈશ્વિક કક્ષાએ નોંધનીય બનનાર કલ્પસર યોજનાના સક્રિય વિચારક, માર્ગદર્શક અને ગોહિલવાડના ગૌરવ વિનુભાઈ ગાંધીનો ગરિમાપૂર્ણ અભિનવ સન્માન સમારોહ આગામી શુક્રવાર, તારીખ ૧૭ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાનાર છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ખાતે કેન્દ્રીય જળ સંસાધન પ્રધાન ચંદ્રકાંત પાટીલના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા તથા કલ્પસર સહયોગ સમિતિ ગુજરાત દ્વારા આયોજિત આ સમારોહમાં ગુજરાત ભાજપના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ જીવરાજભાઈ સુરાણી (ધારુકાવાળા) અને લોકભારતીના વડા તેમજ લોકવૈજ્ઞાનિક અરુણભાઈ દવેના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણી, પૂર્વ ધારાસભ્ય ધનરાજભાઈ કૈલા, કલ્પસર સહયોગ સમિતિના સહસંયોજક કમલનયનભાઈ સોજીત્રા, ગીરગંગા પરિવારના વડા દિલીપભાઈ સખિયા તથા સામાજિક અગ્રણી અનુભાઈ તેજાણી ખાસ ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમના સફળ સંકલન માટે લોકભારતીના નિયામક હસમુખભાઈ દેવમુરારિ અને કલ્પસર સમિતિના સંયોજક પરષોત્તમભાઈ કમાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# લોઢાવાળા હોસ્પિટલમાં યોજાયેલા ફ્રી મેગા કેમ્પમાં ૮૧ દર્દીએ લીધેલો લાભ



ભાવનગર,તા.૧૬

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ વી.સી.લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ, પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલીકલીનીક, સંઘ ભવન, પથિકાશ્રમ, ભાવનગર ખાતે સ્વ. વિમળાબેન શાંતિલાલ મહેતાની પૂણ્યતિથિ નિમિત્તે પ્રબોધભાઈ શાંતિલાલ મહેતા તથા સમગ્ર મહેતા પરીવારના સૌજન્યથી તા.૧૫ ને બુધવારના વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાયો જેમાં આંખમાં ૨૦, કાન-નાક-ગળામાં ૩૫, દાંત વિભાગ ૧૧, ઓર્થોપેડિકમાં ૪, ફિઝીશ્યનમાં ૧૧ મળી કુલ ૮૧ દર્દીઓએ લાભ લીધેલ હતો.

જેમાં આંખ વિભાગના દર્દિઓને મોતિયો, ઝામર, વેલ, પરવાળા અંગેની તપાસ કરી આપવામાં આવી હતી, તથા આ કેમ્પમાં ઓપરેશન માટે પસંદ થયેલ દર્દિઓને જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગરના સહયોગથી મોતિયાના અધતન ફેકો મશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન લોઢાવાળા હોસ્પિટલ, પથિકાશ્રમ પાસે ગંગાજળિયા તળાવ ભાવનગર ખાતે કરી આપવામાં આવશે. કાન-નાક-ગળા વિભાગમાં ૫ દર્દીઓને માઈનોર પ્રોસિઝર કરી આપવામાં આવી હતી.આ કેમ્પનું દિપ પ્રાગટ્ય પી.એન.આર સોસાયટીના પ્રમુખ ક્રિષ્નકાંતભાઈ ચિત્તલીયા,કિર્તીભાઈ સંઘવી, રાજેશભાઈ હકાણી, સુર્યકાંતભાઈ ચાવડા, કિર્તિભાઈ ગાંધી, ડો ધ્રુવીલભાઈ નાયકના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.

# કોંગ્રેસ દ્વારા રૂપમ ચોકમાં રથયાત્રાના સ્વાગતાર્થે પ્રસાદી વિતરણ

ભાવનગર,તા.૧૬

ભગવાન જગન્નાથજીની પવિત્ર રથયાત્રા અષાઢી દૂજના દિવસે સાંજે ૫:૦૦ વાગ્યે શહેરના ઘોઘા ગેટ થઈને રૂપમ ચોકમાંથી પસાર થવાની છે. આ ભક્તિમય અવસરે ભાવિક ભક્તો માટે એક વિશેષ પ્રસાદીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા, શહેર કોંગ્રેસ પ્રવક્તા જયદેવસિંહ બી. ગોહિલ (કુકડ) તથા તેમના મિત્ર સર્કલ દ્વારા આ સુંદર ભક્તિભાવપૂર્વકનું આયોજન કરાયું છે. રૂપમ ચોક સ્થિત 'નગીનદાસ શાહ વાણિજય ભવન' ખાતે રથયાત્રાના સ્વાગત સાથે જ ભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવશે.આ આયોજકો દ્વારા ભાવનગરની ધર્મપ્રેમી જનતાને રથયાત્રાના રૂડા દર્શન કરવા તેમજ પ્રસાદીનો લાવો લેવા માટે નગીનદાસ શાહ વાણિજય ભવન ખાતે પધારવા હૃદયપૂર્વક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભગવાન જગન્નાથજીની રથયાત્રા સનાતન સંસ્કૃતિ, આસ્થા અને સામાજિક સૌહાર્દનું મહાન પર્વ: મોરારીબાપુ

## દેશ-વિદેશના ભક્તોને રથયાત્રાની શુભેચ્છાઓ પાઠવી; ભાવનગરમાં રથયાત્રાના દર્શન કરી વિશ્વ શાંતિની પ્રાર્થના કરી

ભાવનગર,તા.૧૬

પ્રખ્યાત રામકથાકાર પૂજ્ય મોરારી બાપુએ અષાઢી દૂજના પવિત્ર અવસરે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે દેશ-વિદેશના તમામ ભક્તોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રા એ આપણી સનાતન સંસ્કૃતિ અને અનન્ય આસ્થાનો એક મહાન પર્વ છે, જે શતાબ્દીઓથી ભક્તિ, શ્રદ્ધા અને સાત્વિક ભાવ સાથે ઉજવાતો આવ્યો છે.



પૂજ્ય બાપુએ રથયાત્રાના મહિમા અંગે વાત કરતા જણાવ્યું કે, ઓડિશાના જગન્નાથ પુરીમાં ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીની વિશ્વવિખ્યાત રથયાત્રામાં લાખો શ્રદ્ધાળુઓ ભાગ લઈ ધર્મલાભ મેળવે છે. તે જ રીતે ગુજરાતના અમદાવાદ સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિરથી પણ દર વર્ષે ભવ્ય રથયાત્રાનું આયોજન થાય છે, જે સમાજમાં ભાઈચારો, સમન્વય, એકતા અને સનાતન ધર્મનો સંદેશ જન-જન સુધી પહોંચાડે છે.

અમદાવાદ જગન્નાથ મંદિરના વર્તમાન પીઠાધીશ્વર પૂજ્ય દિલીપદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ યોજાતી રથયાત્રાની પ્રશંસા કરતાં બાપુએ ઉમેર્યું કે, આ મહોત્સવ સામાજિક સૌહાર્દ અને સર્વધર્મ સમભાવનું જીવંત પ્રતીક છે. ભાવનગરમાં વર્ષોથી યોજાતી જગન્નાથજીની રથયાત્રા સાથે મારો ખાસ ભાવનાત્મક સંબંધ જોડાયેલો છે. તેમ મોરારી બાપુએ જણાવ્યું હતું. અંતમાં તેમણે દેશભરમાં જયાં પણ રથયાત્રાનું આયોજન થઈ રહ્યું છે તે તમામ કાર્યક્રમો પ્રભુની કૃપાથી શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને સફળતાપૂર્વક સંપન્ન થાય તેવી મંગલ કામના કરી હતી અને ભગવાન જગન્નાથજીના ચરણોમાં સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

દરમિયાનમાં ભાવનગરમાં વર્ષોની પરંપરા મુજબ નીકળતી રથયાત્રામાં પૂજ્ય બાપુએ આજે સવારે પ્રારંભે જ ભગવાનના દર્શન કર્યા હતા અને લોક કલ્યાણ તેમજ વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# રથયાત્રામાં વીજ પુરવઠો અવિરત રાખવા PGVCLની ૫૦ ટીમો ખડેપગે

## કટોકટીની સ્થિતિને પહોંચી વળવા બંને ડિવિઝનના અધિકારીઓ અને લાઈન સ્ટાફ ૨૪ કલાક વાહનો અને સુરક્ષા સાધનો સાથે સ્ટેન્ડબાય

ભાવનગર,તા.૧૬

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ઉમટતી લાખોની મેદનીને ધ્યાનમાં રાખીને પશ્ચિમ ગુજરાત વીજ કંપની (PGVCL) ભાવનગર સર્કલ દ્વારા અવિરત વીજ પુરવઠો જાળવી રાખવા માટે લોખંડી આયોજન કરવામાં આવ્યું છે. કોઈ પણ વીજ અકસ્માત કે ખામી નિવારવા સિટી-૧ અને સિટી-૨ ડિવિઝન દ્વારા સમગ્ર રૂટ પર વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે.

આ ભવ્ય આયોજન અંતર્ગત એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ૯ ડેપ્યુટી એન્જિનિયર, ૧૮ જુનિયર એન્જિનિયર, ૨૩ લાઈનમેન, ૧૦ લાઈન ઈન્સ્પેક્ટર, ૨૪ આસિસ્ટન્ટ લાઈનમેન અને ૪૩ ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ સહિતનો મોટો સ્ટાફ રાત-દિવસ ફરજ બજાવશે. ડાયમંડ ચોક, પાવર હાઉસ અને ખારગેટ સહિતના સબ ડિવિઝનો તેમજ કંટ્રોલ રૂમમાં ૨૪ કલાક શિફ્ટ મુજબ કર્મચારીઓ તૈનાત રહેશે.

મુખ્ય રથયાત્રા રૂટના સંવેદનશીલ સ્થળો જેવા કે વાઘાવાડી રોડ, નીલમબાગ, કુંભારવાડા અને દરબારગઢ ઉપરાંત ઈસ્કોન રથયાત્રા વિસ્તારમાં વાહનો સાથે ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

# ભાવનગરના હાથમાંથી શિપ બિલ્ડિંગ પાર્ક સરક્યો, હવે પોરબંદરમાં થશે નિર્માણ

ભાવનગર,તા.૧૬

શિપ બિલ્ડિંગ વ્યવસાય માટે આદર્શ ગણાતા ભાવનગરના જૂના બંદર પર આવેલું અર્ધ સરકારી 'આલ્કોક એશડાઉન' શિપ બિલ્ડિંગ યુનિટ સદંતર બંધ કરી દેવાયું છે. ?૫૦૦ કરોડના ઓર્ડર અને આધુનિક મશીનરી હોવા છતાં આ એકમ બંધ કરી તેની મિલકતો ખાનગી પાર્ટીને પધરાવી દેવાઈ હતી. એટલું જ નહી, વર્ષ ૨૦૦૯ના વાયબ્રન્ટ ગુજરાતમાં ભાવનગર ખાતે જે 'મરિન શિપ બિલ્ડિંગ પાર્ક' બનાવવાની જાહેરાત થઈ હતી, તે પણ જમીન સંપાદનના વિવાદોને કારણે કાગળ પર જ રહી ગઈ છે.

સ્થાનિક નેતાગીરીની ઉદાસીનતાના કારણે ભાવનગરે આ મોટો ઉદ્યોગ ગુમાવવો પડ્યો છે. હવે કેન્દ્ર સરકારની શિપ બિલ્ડિંગ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ પોરબંદરના કુછડી ખાતે ગ્રીનફિલ્ડ શિપ બિલ્ડિંગ ક્લસ્ટરના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આમ, ભાવનગરમાં જે પ્રોજેક્ટનું બાળમરણ થયું તે હવે પોરબંદરના ફાળે જતાં સ્થાનિક રોજગારી અને ઔદ્યોગિક વિકાસને મોટો ફટકો પડ્યો છે.

# ટ્રાફિક અવેરનેસનો ફ્લોટ આકર્ષણ બન્યો



ગુજરાતની બીજા નંબરની ભાવનગરની રથયાત્રામાં ભાવનગર જિલ્લા પોલીસ આયોજિત ટ્રાફિક ઓવેરનેસ રથનું દ્વઆયોજન કરવામાં આવ્યું છે ભાવનગરના જાણીતા ફોટોગ્રાફર અને ટ્રાફિક ટ્રેનર અજયસિંહ જાડેજા દ્વારા આ ટ્રાફિક રથ તૈયાર કરવામાં આવ્યો છે આ રથની અંદર અકસ્માત કેવી રીતે થાય છે, કોનાથી થાય છે, ક્યાં થાય છે, અને કેવી રીતે બચી શકાય તેની સંપૂર્ણ માહિતી ફોટોગ્રાફ સાથે આપવામાં આવી છે રથયાત્રામાં આ રથ લોકોના આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો.

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**LC ગેટ્સ ના ઈન્ટરલોકિંગના સંબંધમાં વિવિધ કામ**

**ટેન્ડર નં. DRM-SnT-BVP-Sig-014R1of26-27**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝનઃ- ૧૦૦૦૦ થી વધુ ATVU ધરાવતા (૪૭ નંગ) LC ગેટ્સના ઈન્ટરલોકિંગના મંજુર થયેલ કામ સામે ૨૧ નંગ LC ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં સિગ્નલીંગ ગિયર્સ/ સામગ્રીઓની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૮,૧૮,૦૮,૦૯૨.૯૨/- (રૂા. આઠ કરોડ અઢાર લાખ આઠ હજાર બાણું રૂપિયા અને બાણું પૈસા પૂરા) બિડરોએ www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ ૦૫/૦૮/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-082

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૬૫/૨૦૨૬

**અપીલકર્તાના વિ.વકિલશ્રી અજય.એમ.પરમાર**
**અરજદારશ્રી :- શ્રી ભુપતભાઈ ભાણાભાઈ નાગોથા**
**મું.મોટા જાદરા તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. મોટા જાદરા તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના મોટા જાદરા ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના માતા જહુબેન ભાણાભાઈ નાગોથા નું મરણ તા.૨૦/૧૨/૨૦૦૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૫૧/૨૦૨૬

**અપીલકર્તાના વિ.વકીલશ્રી એ.એમ.પરમાર**
**અરજદારશ્રી :- શ્રી જગુભાઈ છગનભાઈ વાઘેલા**
**મું. કીકરીયા, તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. કીકરીયા, તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના કીકરીયા ગામના રહીશ શ્રી જગુભાઈ છગનભાઈ વાઘેલાએ તેમના પુત્ર દેવરાજ જગુભાઈ વાઘેલાનો જન્મ તા.૦૮/૧૧/૨૦૧૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલા છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીરા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૫૨/૨૦૨૬

**અપીલકર્તાના વિ.વકીલશ્રી એ.એમ.પરમાર**
**અરજદારશ્રી :- શ્રી ભગીરથભાઈ ભીમાશંકર પંડયા**
**મું. મોણપર, તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. મોણપર, તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના મોણપર ગામના રહીશ શ્રી ભગીરથભાઈ ભીમાશંકર પંડયાએ તેમના પુત્રી પંડયા નયનાબેન ભગીરથભાઈનો જન્મ તા.૧૦/૦૨/૧૯૮૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૧૦૯/૨૦૨૬

**અરજદારશ્રી :- ભીમાભાઈ ઉર્ફે ભીમજીભાઈ બાલાભાઈ ચૌહાણ**
**મું. લોંગડી તા.મહુવા જી. ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. લોંગડી તા મહુવા જી ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના લોંગડી ગામના રહીશ શ્રી ભીમાભાઈ ઉર્ફે ભીમજીભાઈ બાલાભાઈ ચૌહાણએ તેમના દાદી રખમાઈબેન જોધાભાઈ ચૌહાણનો મરણ તા. ૦૮-૦૧-૧૯૯૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૮૮/૨૦૨૬

**અપીલકર્તાના વિ.વકિલશ્રી એન.ડી.મકવાણા**
**અરજદારશ્રી :- શ્રી ચોટિયા સાજનભાઈ જીણાભાઈ**
**મું.ગોરસ, તા.મહુવા, જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. ગોરસ, તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ગોરસ ગામના રહીશ શ્રી ચોટિયા સાજનભાઈ જીણાભાઈએ તેમના પુત્રશ્રી ચોટીયા ગોપાલ સાજનભાઈનો જન્મ તા.૦૪/૧૦/૨૦૧૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

નં.જન્મ મરણ/અરજી નં.૨૧૧/૨૦૨૫

**અરજદારશ્રી :- બબાભાઈ અદુભાઈ પરમાર**
**સરનામું :- મું ભાદ્રોડ તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**ત.ક.મ.શ્રીભાદ્રોડ તા.મહુવા, જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના મું.ભાદ્રોડ તામહુવા જીભાવનગર મુકામેના શ્રીબબાભાઈ અદુભાઈ પરમાર એ તેમના પુત્રીશ્રી (૧) ભારતીબેન બબાભાઈ પરમાર નો જન્મ તા.૦૫-૦૧-૨૦૦૫ તથા (૨) માયાબેન બબાભાઈ પરમાર નો જન્મ તા.૨૩-૦૮-૨૦૦૬ ના રોજ ભાદ્રોડમુકામે થયેલ હોવાનું જાહેર કરેલ છે. જેની નોંધ સામાવાળાન દફતરે કરવાની રહી ગયેલ હોય અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મહુવામાં ઉપરોક્ત નંબરની સદરહું અરજી દાખલ કરેલ છે.આથી જો કોઈ વ્યક્તિને, આ બાબતે વંધો કે તકરાર હોય, તો તેઓએ જાતે રૂબરૂ અગર તેમના દ્વારા નિયુક્ત કરેલ વકીલશ્રી મારફતે વાંધો રજુ કરવા, અત્રેની કોર્ટમાં નોટીસ જાહેર થયાના દિવસ-૩૦ માં અચુક હાજર રહેવું, અન્યથા સદરહું અરજીના સંદર્ભમાં યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તારીખ ૦૭ માહે જુલાઈ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

**સ્થળ: મહુવા**
**તારીખ: ૦૭/૦૭/૨૦૨૬**

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા




## ભાવનગરમાં રથયાત્રાની ૪૧ વર્ષની ગૌરવગાથા

# સમગ્ર શહેરની આસ્થા, સંસ્કૃતિ, સેવા અને સામાજિક સમરસતાનો જીવંત મહાપર્વ છે રથયાત્રા

જય જગન્નાથના ગુંજતા જયઘોષ, શંખનાદ, ઢોલ-નગારાના તાલ, ભક્તોના હરખભેર ઉલ્લાસ અને ભગવાનના ભવ્ય રથના દર્શન... અષાઢ સુદ બીજના દિવસે ભાવનગર શહેર ભક્તિના રંગે રંગાઈ જાય છે. આ દિવસ માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ સમગ્ર શહેરની આસ્થા, સંસ્કૃતિ, સેવા અને સામાજિક સમરસતાનો જીવંત મહાપર્વ બની રહે છે.

ભાવનગરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાની શરૂઆત વર્ષ ૧૯૮૬માં સ્વ. ભીખુભાઈ ભટ્ટની પ્રેરણાથી થઈ હતી. નાનકડા સ્વરૂપે શરૂ થયેલી આ યાત્રા આજે ચાર દાયકાથી વધુની પરંપરા સાથે સૌરાષ્ટ્રની સૌથી ભવ્ય અને લોકપ્રિય રથયાત્રાઓમાં સ્થાન પામી છે. વર્ષ ૨૦૨૬માં ૪૧મી રથયાત્રા શહેર માટે ગૌરવ અને ગર્વનો પ્રસંગ બની છે.

દર વર્ષે સુભાષનગર સ્થિત શ્રી જગન્નાથજી મંદિરથી ભગવાન જગન્નાથજી, ભાઈ બળભદ્રજી અને બહેન સુભદ્રાજીને ભવ્ય રીતે સુશોભિત રથમાં બિરાજમાન કરીને નગરચર્યાએ લઈ જવામાં આવે છે. માર્ગભરમાં હજારો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન માટે ઉમટી પડે છે અને "જય જગન્નાથ"ના ગુંજતા નાદથી સમગ્ર શહેર ભક્તિમય બની જાય છે.

### પરંપરા, જે માત્ર વિધિ નહીં... જીવનદર્શન છે

રથયાત્રા પહેલાં યોજાતી પહિંદ વિધિ (છેડાપોરા)નો વિશેષ મહિમા છે. ભગવાનના રથ આગળ માર્ગને પ્રતીકાત્મક રીતે સાફ કરવાની આ વિધિ એ સંદેશ આપે છે કે ભગવાન સમક્ષ કોઈ મોટું કે નાનું નથી. સેવા, સમર્પણ અને નમ્રતા જ સાચી ભક્તિનું સ્વરૂપ છે.

### જ્યારે આખું શહેર બની જાય છે યાત્રાધામ

રથયાત્રા માત્ર ભગવાનના રથ સુધી મર્યાદિત નથી રહેતી. હાથી-ઘોડાની શોભા, અખાડાઓના ચિત્તાકર્ષક કરતબ, ભજન-કીર્તન, સાંસ્કૃતિક ઝાંખીઓ, શંખનાદ અને હજારો ભક્તોની હરખભેર ઉપસ્થિતિ સમગ્ર શહેરને આધ્યાત્મિક ઊર્જાથી ભરી દે છે. માર્ગમાં ઠેરઠેર પાણી, શરબત, પ્રસાદ અને આરોગ્ય સેવાઓની વ્યવસ્થા કરીને સેવા પરંપરાને જીવંત રાખવામાં આવે છે.

### જળાભિષેકથી શરૂ થાય છે ભક્તિની તૈયારી

રથયાત્રા પહેલાં જેઠ સુદ પૂર્ણિમાના દિવસે ભગવાનને સાત પવિત્ર નદીઓના જળ, પંચામૃત, ચંદન અને કેસરથી જળાભિષેક કરવામાં આવે છે. આ પરંપરા ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને રથયાત્રાના પવિત્ર પ્રારંભનું પ્રતીક માનવામાં આવે છે.

### ચાર દાયકાની સફર... લાખો હૃદયોની આસ્થા

૪૧ વર્ષમાં ભાવનગરની રથયાત્રાએ માત્ર અંતર નથી કાપ્યું, પરંતુ લાખો લોકોના હૃદયમાં ભક્તિનું સ્થાન મેળવ્યું છે. દર વર્ષે નવી પેઢી આ પરંપરા સાથે જોડાય છે અને શહેરની સાંસ્કૃતિક ઓળખને વધુ સમૃદ્ધ બનાવે છે.

### આસ્થાની અવિરત યાત્રા

ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા માત્ર રથના પૈડાંની ગતિ નથી, પરંતુ ભક્તિના ચક્રને સતત ગતિમાન રાખતી પરંપરા છે. વર્ષો બદલાય છે, પેઢીઓ બદલાય છે, પરંતુ "જય જગન્નાથ"નો જયઘોષ અને ભાવનગરની આસ્થા આજે પણ એટલી જ અડગ છે.

જય જગન્નાથ...!


રથયાત્રાની ઘોઘાસર્કલની ડ્રોન તસવીર

## રથયાત્રામાં પંજાબનો પ્રખ્યાત 'ગતકા અખાડો' ન જોડાઈ શક્યો

ભાવનગરની ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં આ વર્ષે પ્રથમ વખત પંજાબથી ખાસ 'વિશેષ અકાલ રેજીમેન્ટ ગતકા અખાડો' જોડાવાનો હતો. સિંધી સમાજના અગ્રણી કમલેશ ચંદાણીના સંયોજન હેઠળ આ અખાડાના કરતબો રથયાત્રાનું મુખ્ય આકર્ષણ બનવાના હતા. જોકે, આ અખાડો છેલ્લી ઘડીએ ભાવનગર પહોંચી શક્યો નથી.આ અંગે કમલેશ ચંદાણીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદના કારણે અખાડાની ટીમ ભાવનગર આવી શકી નથી. જ્યારે બીજી તરફ નગરમાં એવી પણ ચર્ચા વહેતી થઈ છે કે અખાડાને પ્રદર્શન માટે વહીવટી તંત્ર તરફથી જરૂરી મંજૂરી મળી શકી ન હતી. જેથી આ વર્ષે ભાવેણાના ભક્તો આ વિશેષ કરતબો જોવાથી વંચિત રહ્યા છે.!



















